# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૬



**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૦૩ મો જન્મોત્સવ**

**તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;**
**હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો અંતરાત્મા શરીરની ગતિને—શરીરના વિનાશને આત્માથી ભિન્ન માને છે અને મરણના અવસરને એક વસ્ત્રને છોડી બીજા વસ્ત્રનું ગ્રહણ કરવાની જેમ સમજી પોતાને નિર્ભય માને છે. ૧૫૬૨.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા—૭૭)

● જો મનુષ્ય સંતોષસે રહિત હૈ ઉસકો ચક્રવર્તી, નારાયણ ઔર બલદેવકી વિભૂતિસે ભી તૃપ્તિ નહીં હોતી હૈ, ઔર જબ તક તૃપ્તિ (સંતોષ) નહીં હોતી હૈ તબ તક સુખકી સંભાવના નહીં હૈ, ઈસ બાતકો ભલે પ્રકાર જાન કરકે વિદ્વાન મનુષ્ય ઉસ લોભરૂપ પિશાચકે વશમેં નહીં હોતે હૈં. ૧૫૬૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૭૯)

● નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ, તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે? તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે. તે (પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે; જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે. ૧૫૬૫. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૯)

● આચાર્ય મહારાજ કહતે હૈં કિ ઈસ કામસ્વરૂપી વિષકો મૈં કાલકૂટ (હલાહલ) વિષસે ભી મહાવિષ માનતા હૂં ક્યોંકિ પહિલા જો કાલકૂટ વિષ હૈ વહ તો ઉપાય કરનેસે મિટ જાતા હૈ, પરંતુ દૂસરા જો કામરૂપી વિષ હૈં વહ ઉપાય રહિત હૈં અર્થાત્ ઈલાજ કરનેસે ભી નહિ મિટતા. ૧૫૬૬.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૧, શ્લોક-૨૧)

● શિષ્ય પ્રશ્ન કરે છે કે હે સ્વામી! રાગ-દ્વેષ પરિણામોનું મુખ્ય કારણ શું છે? પૌદ્ગલિક કર્મ છે? કે ઈન્દ્રિયોના ભોગ છે? કે ધન છે? કે ઘરના માણસો છે? કે ઘર છે? તે આપ કહો. ત્યાં શ્રીગુરુ સમાધાન કરે છે કે છયે દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં સદા નિજાશ્રિત પરિણમન કરે છે, કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યની પરિણતિને કદી પણ પ્રેરક થતું નથી, માટે રાગ-દ્વેષનું મૂળ કારણ મોહ મિથ્યાત્વનું મદિરાપાન છે. ૧૫૬૭. (શ્રી બનારસીદાસજી નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ-૬૧)

વર્ષ–૧૦
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૨
July
A.D. 2016

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૩મી જન્મજયંતી પ્રસંગે

# વચનામૃતમાંથી વીણેલા રત્નો

✻ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ—સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો, કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

✻ જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર, તારા જન્મ-મરણનો નાશ થઈ જશે. આચાર્યદેવ કરુણાથી કહે છે, તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે. મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ. તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ. બહાર ફાંફાં મારવાથી સુખ નહીં મળે.

✻ પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.

✻ આ તો ગૂંચ ઊકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઊકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઉકેલ કરે તો ગૂંચ નીકળી શકે.

✻ અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે, બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?

જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી એવા દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે?

આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપના પાદપંકજની ભક્તિ હો!– આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા  તો સતત રહ્યા જ કરે છે.

✻ જ્યાં સુધી સામાન્ય તત્ત્વ-ધ્રુવ તત્ત્વ-ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ દ્રવ્ય સામાન્યનો જ ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું 'ધ્રુવ'નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી–ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી, અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જો કે સાથે વર્તતું જ્ઞાન બધાનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે.

✻ મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'. આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઈત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.

✻ મારે કાંઈ જોઈતું નથી, એક શાંતિ જોઈએ છે, ક્યાંય શાંતિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં–એમ અનંત અનંત કાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાંતિ જોઈએ છે,–આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની

ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાંતિ મળ્યા વિના રહે નહિ.

* રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.

સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે—એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.

* પોતાનો મહિમા જ પોતાને તારે. બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે જ નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.

* મુનિરાજ વંદના—પ્રતિક્રમણ આદિમાં માંડમાંડ જોડાય છે. કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે. ભૂમિકા પ્રમાણે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે. સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે.

* જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈપણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું—એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.

* વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.

* જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ

હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાંતિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.

* દેવલોકમાં ઊંચી જાતનાં રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાંતિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાંતિ આપે?

* એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે. દુઃખ લાગતું હોય, ગમતું ન હોય, પણ આત્માને ઓળખ્યા વિના—જાણ્યા વિના જાય ક્યા ? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય, તો જ છૂટો પડે.

* ચેતીને રહેવું 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માટે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.

આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે, સારભૂત એક આત્મસ્વભાવ છે.

* આત્માર્થીને શ્રીગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું—એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો લાભ ગુણસમુદ્ર આત્મા પ્રગટાવવાનું નિમિત્ત થાય છે.

બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભાવ હારી ગયા.

* ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુના વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમાપૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે.

હે શુદ્ધાત્મદેવ ! તારા શરણે આવવાથી જ આ પંચપરાવર્તનરૂપી રોગ શાંત થાય છે. જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાંતિ છે, બહાર નીકળતાં તો અશાંતિ જ લાગે છે.

હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું, જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે, બીજું કોઈ જોઈતું નથી.

* બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી, આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ, તેને એક આત્મામાં જ વારંવાર લગાડ, વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે જવું. મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે. વારંવાર.....વારંવાર એમ કરતાં... કરતાં...કરતાં (સ્વરૂપમાં લીનતા જામતાં....જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે. જે વસ્તુ છે તે ઉપર તારી દૃષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબને કાંઈ ન થાય.

* અનંતકાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી. સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે. સાચા નિર્ણય વગર—સાચા જ્ઞાન વગર—સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબને શ્રુતના ચિંતવનને સાથે જ રાખજે.

શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવાં આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે.

* મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય—પોતાના સત્યસ્વરૂપની શોધ ચાલુ રહે એવી રીતે જોડાય. શુદ્ધતાનું ધ્યેય છોડી શુભનો આગ્રહ ન રાખે.

વળી તે 'હું શુદ્ધ છું, હું શુદ્ધ છું' કરીને પર્યાયની અશુદ્ધતા ભુલાઈ જાય—સ્વચ્છંદ થઈ જાય એમ ન કરે, શુષ્કજ્ઞાની ન થઈ જાય, હૃદયને ભિંજાયેલું રાખે.

* દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથી, દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્ય-દૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં—પર્યાયમાં—ચોંટી નથી જતી. 'અહો! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો!' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—દ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી તે જામેલી જ રહે છે.




# આત્માનો સ્વભાવ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૧-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૨
(ગાથા ૧૩)



આત્મા ત્રિકાળી વસ્તુ છે તેનો દર્શનઉપયોગ ત્રિકાળ છે તેનું વર્ણન ચાલે છે. 'હું દર્શન છું. પુણ્ય-પાપ નહિ' એવો વિકલ્પ તે રાગ છે. ઉદયભાવ તે આત્માનો સ્વભાવ નથી પણ ક્ષણિક નવો પ્રગટતો ભાવ છે, તેના લક્ષે સ્વાભાવિકદૃષ્ટિ પકડાય નહિ; ઉપશમસમકિતના લક્ષે પણ પરમસ્વભાવ અગોચર છે; ક્ષયોપશમભાવના લક્ષે પણ અગોચર છે; કારણ કે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચારે ભાવો નિમિત્તની અપેક્ષા રાખીને પ્રગટે છે તેથી તે ભાવોને આત્માનો *વિભાવસ્વભાવ કહ્યો છે. અહીં તો એકલો સહજસ્વભાવી ત્રિકાળ નિરપેક્ષભાવ છે તે કહેવા માગે છે. આ ઉદયાદિ ચારે ભાવો વિભાવસ્વભાવરૂપભાવો છે કેમ કે તે ભાવ પરની અપેક્ષાવાળા છે, પરની અપેક્ષાવાળો જે ભાવ તે સ્વભાવભાવ નથી.

પારિણામિકસ્વભાવભાવ પારિણામિકભાવથી ન જણાય પણ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવદ્વારા તે જણાય—લક્ષમાં આવે; પણ તે ઉપશમ વગેરે ભાવો જેવડો તે પારિણામિકભાવ નથી, ઉપશમાદિ તો અપેક્ષિત ભાવો છે અને પારિણામિકભાવ તો નિરપેક્ષ ત્રિકાળીભાવ છે—એવા પારિણામિકભાવનું માહાત્મ્ય કરવા માટે ઉપશમવગેરે ચારે ભાવોથી તે અગોચર છે એમ અહીં કહ્યું છે.

જેમ બાળક નવું જન્મે તેને પોતાના જન્મ પહેલાં શું ચાલતું હોય તેની ખબર ન પડે, તેમ આત્મામાં ક્ષાયિકજ્ઞાન—કેવળજ્ઞાન—પરની (—કર્મની અભાવની) અપેક્ષાવાળું જ્ઞાન સાદિ—અનંત છે તે નવું પ્રગટ થાય છે અને અંદર નિરપેક્ષતત્ત્વ એકરૂપ સહજસ્વરૂપ છે તે ત્રિકાળ—અનાદિઅનંત છે—તે નિરપેક્ષસ્વભાવભાવનું માહાત્મ્ય બતાવવા માટે, કેવળજ્ઞાનને પણ તેની ખબર ન પડે એમ અહીં કહેવામાં આવ્યું છે એટલે કે કેવળજ્ઞાનના લક્ષે કેવળજ્ઞાન પ્રગટે નહિ એમ સમજાવ્યું છે. કેવળજ્ઞાન

★ વિભાવસ્વભાવ = વિશેષભાવ; અપેક્ષિતભાવ.

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો ! ૧. —શ્રી સમયસાર**

ક્ષાયિકભાવ છે, તે અશુદ્ધતાના નાશથી પ્રગટે છે તેથી તેને પણ અશુદ્ધતાના નાશની અપેક્ષા આવે છે; અહીં તે અપેક્ષિત ભાવ બતાવવો નથી પણ એકરૂપ સત્‌પારિણામિકભાવ—નિરપેક્ષસ્વભાવભાવ તે અહીં બતાવવો છે.

સમ્યગ્જ્ઞાનદીપિકામાં 'જેને બહિરાત્મા, અંતરાત્મા કે પરમાત્મા ન જાણી શકે, જ્ઞાની, અજ્ઞાની કોઈ ન જાણી શકે તે હું છું' એમ કહ્યું છે તેનો આશય એ છે કે નિરપેક્ષસ્વભાવમાં જ્ઞાની—અજ્ઞાની કે અંતરાત્મા-બહિરાત્મા-પરમાત્મા એવા કોઈ જાતના પડખાં નથી, તે તો નિરપેક્ષ સદા એકરૂપ છે; કોઈ અપેક્ષાવાળા ભાવ તેને ન જાણે એમ કહીને નિરપેક્ષતત્ત્વનો મહિમા કર્યો છે.

લોકોને એમ લાગે કે આમાં કાંઈ કરવાનું તો ન આવ્યું? પણ આમાં સાચી સમજણ કરવાનું આવ્યું, તે જ કરવાનું છે. આ વાત સમજવામાં કેટલી મહેનત (પુરુષાર્થ) છે? અનંતો સવળો પુરુષાર્થ એકેક વાત સમજવામાં આવે છે. આ સમજ્યા વગર કોઈ સો ઉપવાસ કરી નાંખે તોય આત્મા ઓળખાય નહિ. તો પછી આ સમજવામાં મહેનત છે કે ઉપવાસ કરવામાં? સાચી સમજણ કરવામાં ઘણો પુરુષાર્થ છે. આ વસ્તુની સાચી સમજણ મોંઘી છે. આમાં ઊંડા ઉતર્યા વગર મગજ કામ કરે એવું નથી. અજ્ઞાનીઓ સાચી સમજણની ગણતરી કરતા નથી અને ઉપવાસાદિ જે અનંતવાર સાચી સમજણ વગર કરી ચૂક્યો તેની ગણતરી કરે છે કેમકે તે અનાદિની બેઠેલી વાત છે પણ આત્માનો ધર્મ શું છે તે વાત કદી બેઠી નથી. ધર્મ તો આત્માનો સ્વભાવ છે તે બહારમાં નથી, આ વાત બેસાડવી લોકોને મુશ્કેલ પડે છે પરંતુ જ્યાંસુધી આ વાત ન બેસે ત્યાંસુધી ધર્મ થાય નહિ.

આત્માનો સ્વભાવ ત્રિકાળ શક્તિરૂપે પૂર્ણ છે તે સ્વભાવભાવ છે, અને ક્ષાયિક આદિ ચારે ભાવો વિભાવસ્વભાવ છે. જ્યારે અશુદ્ધતાનો વ્યય થાય ત્યારે ક્ષાયિકભાવનો ઉત્પાદ થાય છે—તેથી તે ત્રિકાળ એકરૂપભાવ નથી. અહીં તો કહ્યું છે કે સત્ ત્રિકાળ એકરૂપ વર્તે છે એવો સ્વભાવભાવ તે ક્ષાયિકભાવથી પણ અગોચર છે કારણ કે તે ક્ષાયિકભાવ જેવડો નથી, એથી તેનું માહાત્મ્ય બતાવવા ક્ષાયિકભાવથી પણ તે ખ્યાલમાં આવે નહિ એમ કહ્યું છે. આમ કહેવાનો આશય એવો છે કે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક એ ચાર ભાવોના લક્ષે ભેદનો વિકલ્પ આવે છે માટે તેની અપેક્ષા (—લક્ષ) છોડી દે; તેના લક્ષે રાગ રહેશે અને સ્વભાવ જણાશે નહિ. એ ચારે તરફનો વિકલ્પ તૂટતાં ધ્રુવ એકરૂપ પંચમભાવ છે તે જણાશે, એવો જ સ્વભાવ છે—બીજો કોઈ સ્વભાવ નથી.

(ક્રમશઃ) ❊



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**सव्वायरेण जाणह, इक्कं जीवं सरीरदो भिण्णं ।**
**जम्हि दु मुणिदे जीवो, होदि असेसं खणे हेयं ।।७९।।**

**અર્થ :—**હે ભવ્યાત્મા! તું સર્વ પ્રકારે ઉદ્યમ કરીને શરીરથી ભિન્ન એકલા જીવને જાણ! જેને જાણતાં બાકીનાં સર્વ પરદ્રવ્યો ક્ષણમાત્રમાં તજવા યોગ્ય લાગે છે. ૭૯.

જુઓ, અહીં આત્માને શરીરથી જુદો જાણવાનું કહે છે. અજ્ઞાની કહે છે કે કાંઈ વ્રત કરવાનું કહેતા નથી. શરીરથી જુદો છે એવો વિચાર કરવામાં શું કષાય મંદતા નથી ? પણ અજ્ઞાનીને બાહ્યની પકડ છે. શરીરથી આત્મા જુદો છે એમ જાણવાથી બાકી બધું હેય છે, એમ ક્ષણમાત્રમાં જણાઈ જાય છે. હે ભવ્ય આત્મા ! તું સર્વ પ્રકારે ઉદ્યમ કરીને શરીરથી આત્મા જુદો છે એમ જાણ. શરીર પુદ્‌ગલ છે. તેનું હાલવું-ચાલવું મારાથી થતું નથી. શરીર મૃતક કલેવર છે, તેનાથી આત્મા જુદો છે તો પછી બૈરાં, છોકરાં વગેરેથી તો જુદો જ છે, એ વાત આવી જાય છે. તું તારા જ્ઞાન-આનંદ સાથે અભેદ છો, નિર્ણય કર કે તું એકલો છો, સ્વભાવની દૃષ્ટિ થઈ તે એકલાની ભાવના ભાવે છે, તે વિચારે છે કે આ શોખ શાના માટે, કોના માટે, આ કુતૂહલતા શેની ? આ શરીર તો અજીવ છે. આત્મા એનાથી જુદો છે એવું ભાન થવાથી એકલાની ભાવના વૈરાગ્યપૂર્વક ભાવે છે.

કેટલાક જીવો વ્રત-તપમાં જે કષાય મંદતાથી પુણ્ય થાય તેમાં હોંશ માને છે. ભાઈ, જ્યાં કષાય મંદતાનાં પણ ઠેકાણાં ન હોય, ઉપવાસ હોય ને દુકાને જતા હોય, ગપ્પા મારતા હોય એમાં તો કષાય મંદતા પણ નથી. વળી દેહની ક્રિયામાં ધર્મ માની બેસે છે, તે મિથ્યાભાવને સેવે છે.

અહીં તો શરીરથી આત્મા જુદો છે એવું ભાન કરે તો ધર્મ છે ને વિકલ્પ વર્તે તે કષાયની મંદતાના પુણ્ય પરિણામ છે. જેમ પતંગનો દોર હાથમાં હોય ત્યારે પતંગ ગમે તેટલી ઊંચે ગઈ હોય તોપણ દોર હાથમાં છે તેમ શરીર ને આત્મા જુદા છે એવું ભાન

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો.　૨.　–શ્રી સમયસાર**

હોય તો સમ્યગ્જ્ઞાનરૂપી દોરો હાથમાં છે. તેથી તેને અલ્પ રાગ-દ્વેષ થાય છે. શરીરાદિની ગમે તે અવસ્થા થાય તે જ્ઞેયમાં જાય છે. પોતાનું સ્વરૂપ તો ચૈતન્યમય છે. શરીર, મન, વાણી મારામાં અભાવરૂપ છે, જ્ઞાન, દર્શન સાથે મારે ત્રિકાળ સંબંધ છે, રાગ-દ્વેષના પરિણામ તે પર્યાયનો અપરાધ છે. ત્રિકાળમાં તે નથી આમ સ્વરૂપ જાણવાનો ઉપદેશ છે.

પોતાના સ્વરૂપને જાણે ત્યારે સર્વ પરદ્રવ્યો હેયરૂપ જ ભાસે છે, તેથી અહીં પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તેને જ જાણવાનો ઉપદેશ છે.

એક જીવ પર્યાય બહુ ધારે સ્વ-પર નિદાન,
પર તજી આપા જાણકે, કરો ભવ્ય કલ્યાણ.

ભગવાન આત્મા એક છે તે ઘણા શરીર ધારણ કરે છે. પોતાના અપરાધને કર્મનું નિમિત્ત પામીને અનંતા શરીર ધારણ કરે છે. અનંત શરીરથી આત્મા એક જુદો છે ને એકથી અનંત જુદા છે. મુસાફર અનેક ઝાડોની છાયા નીચેથી પસાર થાય પણ ઝાડને તે પોતાનું માને નહિ, તેમ અનેક પ્રકારના શરીર તે મારા નથી પણ પર છે, એમ માની પોતાનું સ્વરૂપ એકલું છે એમ વિચારી, હે ભવ્ય ! કલ્યાણ કરો.

## ૫. અન્યત્વાનુપ્રેક્ષા

**अण्णं देहं गिह्णदि, जणणी अण्णा य होदि कम्मादो ।**
**अण्णं होदि कलत्तं, अण्णो वि य जायदे पुत्तो ।।८०।।**

**અર્થ :—**આ જીવ સંસારમાં જે દેહ ગ્રહણ કરે છે તે પોતાનાથી અન્ય છે, માતા છે તે પણ અન્ય છે, સ્ત્રી છે તે પણ અન્ય છે તથા પુત્ર છે તે પણ અન્ય ઊપજે છે; આ સર્વ કર્મસંયોગથી આવી મળે છે. ૮૦.

આ જીવને સંસારમાં જે દેહનો સંયોગ મળે છે તે પોતાનાથી અન્ય છે, શરીરની વર્તમાનદશા આત્માથી થતી નથી. જનેતા પણ અન્ય છે, સ્ત્રીને અર્ધાંગના કહે છે તે પણ અન્ય છે. પુત્ર પણ અનેરો આવીને ઊપજે છે, તે તારો નથી. તે બધાં કર્મોના નિમિત્તે આવી મળે છે ને કર્મોની અવસ્થા પૂરી થતાં ચાલ્યા જાય છે, તો પછી આ સંસારની દશામાં કર્મ કારણ હશે ? ના, પોતે પોતાનું હિત કરવા માગતો નથી. પોતાનો ઊંધો પુરુષાર્થ કારણ છે. અહીં શરીરથી જુદો કહેતાં કાર્મણશરીરથી પણ આત્મા જુદો છે એ

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩. –શ્રી સમયસાર**

વાત આવી જાય છે. કોઈ આડા અવળા પરિણામ કરાવતું નથી. સ્વતંત્રપણે કરે તે કર્તા ને કર્તાનું ઈષ્ટ તે કર્મ. અજ્ઞાનીને શુભાશુભ ભાવો વહાલા લાગે છે તે તેનું ઈષ્ટ છે. પોતે વિકાર કરે છે. દેહને કર્મની અવસ્થા જડની જડમાં થાય છે, નહિતર પૃથક્તા રહેતી નથી. કોઈ કહે કે માતા-પિતા અત્યારે અનેરા હશે કે મરી ગયા પછી અનેરા હશે ? અત્યારે પોતાના ન હોય તો આ મારા પિતા છે એમ કેમ બોલાય છે ? તો તેને કહે છે કે જીવ મારાપણાનું અભિમાન કરે છે ને સંસારમાં રખડે છે.

एवं बाहिरदव्वं, जाणदि रूवादु अप्पणो भिण्णं ।
जाणंतो वि हु जीवो, तत्थेव य रच्चदे मूढो ।।८१।।

**અર્થ**:—એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી સર્વ બાહ્યવસ્તુઓને આત્માના સ્વરૂપથી ન્યારી (ભિન્ન) પ્રગટપણે જાણવા છતાં પણ આ મૂઢ-મોહી જીવ તે પરદ્રવ્યોમાં જ રાગ કરે છે, પરંતુ એ મોટી મૂર્ખતા છે. ૮૧.

ઉપર કહ્યા પ્રમાણે સર્વ બાહ્ય વસ્તુઓ આત્માથી જુદી છે એવું ધારણામાં લીધું છે, ખ્યાલમાં આવે છે કે આ બધી વસ્તુ જુદી છે છતાં મોહી જીવ પરદ્રવ્યોમાં રાગ કરે છે ને ચૈતન્યસ્વભાવને ચૂકી જાય છે, તે મૂર્ખતા છે. આત્માની અંતરક્રિયા આત્મામાં છે. જડનો ભાવ પર છે, બૈરાં—છોકરાં, દેવ-ગુરુ પણ પર છે, પરને પર તરીકે માનીને ધારણામાં લેવા છતાં મિથ્યાદૃષ્ટિ જીવ અંતર વસ્તુનો આદર કરતો નથી. શરીર સારું હોય તો ધર્મ થાય વગેરે પ્રકારે માનીને પરની દરકાર કરે છે પણ પોતાની જીવની દરકાર કરતો નથી એ મોટી મૂર્ખતા છે. (ક્રમશઃ) ❊

---

✻ એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગદશા ન પ્રગટી. આંખમાં કણું સમાય નહીં તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલન કષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન—કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.

✻ જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન હોય. અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણાં જ કરવું છે.

—પૂજ્ય બહેનશ્રી

# મનુષ્યપણું પામીને કાં મુનિ થા, કાં દાન દે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

જુઓ, આ તો જૈનધર્મનો ચરણાનુયોગ પણ કેવો અલૌકિક છે! જૈન-શ્રાવકનાં આચરણ કેવાં હોય તેની આ વાત છે. રાગની મંદતાના આવા આચરણ વગર જૈન-શ્રાવકપણું કહેવાય નહિ. એક રાગના અંશનુંય કર્તૃત્વ પણ જેની દૃષ્ટિમાં રહ્યું નથી એના આચરણમાં પણ રાગ કેટલો મંદ પડી જાય! એવા ને એવા પહેલાં જેવા જ રાગ-દ્વેષ કર્યા કરે તો સમજવું કે એની દૃષ્ટિમાં કાંઈ અપૂર્વતા આવી નથી, એની રુચિમાં કાંઈ પલટો થયો નથી. રુચિ અને દૃષ્ટિ પલટતાં તો આખી પરિણતિમાં અપૂર્વતા આવી જાય, પરિણામની ઉથલપાથલ થઈ જાય. આ રીતે દ્રવ્યાનુયોગના અધ્યાત્મનો અને ચરણાનુયોગના પરિણામનો મેળ હોય છે. દૃષ્ટિ સુધરે ને પરિણામ ગમે તેવા થયા કરે એમ નથી. દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ, દાન વગેરે પ્રકારે પરિણામની મંદતાનું પણ જેને ઠેકાણું ન હોય તેને તો દૃષ્ટિ સુધરવાનો પ્રસંગ નથી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ સંસાર તરફના પરિણામોની ઘણી જ મંદતા થઈ જાય છે ને ધર્મનો ઉત્સાહ વધી જાય છે.

દાનાદિના શુભ પરિણામ તે મોક્ષનું કારણ છે એમ ચરણાનુયોગમાં ઉપચારથી કહેવાય છે,—પણ તેમાં જેટલા અંશે રાગનો અભાવ થયો તેટલા અંશે મોક્ષનું કારણ ગણીને દાનને ઉપચારથી મોક્ષનું કારણ કહ્યું, એટલે પરંપરા તે મોક્ષનું કારણ થશે,—પણ કોને? કે શુભરાગમાં ધર્મ માનીને નહિ અટકે તેને. પરંતુ શુભરાગને જ જે ખરેખર મોક્ષનું કારણ માનીને અટકી જશે તેને તો તે ઉપચારથી પણ મોક્ષમાર્ગ નથી. વીતરાગી શાસ્ત્રોનો કોઈ પણ ઉપદેશ રાગ ઘટાડવા માટે જ હોય છે, રાગને પોષવા માટે હોતો નથી.

અહો, જેણે પોતાના આત્માનો સંસારથી ઉદ્ધાર કરવો છે તેને સંસારથી ઉદ્ધાર કરવાનો માર્ગ બતાવનારા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પરમ ઉલ્લાસ આવે છે. જેઓ ભવથી પાર થયા છે તેના પ્રત્યે ઉલ્લાસથી રાગ ઘટાડીને પોતે પણ ભવથી તરવાના માર્ગમાં આગળ વધે છે. જે જીવ ભવથી તરવાનો કામી હોય તેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર પ્રત્યે પ્રેમ

**શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪. –શ્રી સમયસાર**

આવે જ નહિ કેમકે તેના પ્રત્યેનો પ્રેમ તો સંસારમાં ડૂબવાનું કારણ છે.

પ્રશ્ન :—સાચા દેવ-ગુરુ પ્રત્યે પ્રેમ કરવો તે પણ રાગ જ છે ને?

ઉત્તર :—એ ખરું, પણ સાચા દેવ-ગુરુની ઓળખાણ સહિત તેના તરફનો રાગ તે સવારની સંધ્યાના લાલ રંગ જેવો છે. તેની પાછળ થોડા વખતમાં વીતરાગતાથી ઝગઝગતો સૂર્ય ઊગશે. ને કુદેવાદિનો રાગ તે તો સાંજની સંધ્યા જેવો છે, તેની પાછળ અંધકાર છે એટલે કે સંસારભ્રમણ છે.

જ્યાં ધર્મના પ્રસંગે ભીડ પડે ત્યાં તન-મન-ધન અર્પી દેતાં ધર્મી ઝાલ્યો ન રહે; એને કે'વું નો પડે કે ભાઈ! તમે આટલું કરો ને! પણ સંઘ ઉપર, ધર્મ ઉપર કે સાધર્મી ઉપર જ્યાં ભીડનો પ્રસંગ આવ્યો ને જરૂર પડી ત્યાં ધર્માત્મા પોતાની સર્વશક્તિથી તૈયાર જ હોય. જેમ રણસંગ્રામમાં રજપૂતનું શૌર્ય છૂપે નહિ તેમ ધર્મપ્રસંગમાં ધર્માત્માનો ઉત્સાહ છાનો ન રહે, ધર્માત્માનો ધર્મપ્રેમ એવો છે કે ધર્મપ્રસંગે તેનો ઉત્સાહ ઝાલ્યો ન રહે; ધર્મની રક્ષા ખાતર કે પ્રભાવના ખાતર સર્વસ્વ હોમી દેવાનો પ્રસંગ આવે તોય પાછું વાળીને જુએ નહિ. આવા ધર્મોત્સાહપૂર્વક દાનાદિનો ભાવ તે શ્રાવકને ભવસમુદ્રથી તરવા માટે જહાજસમાન છે. માટે ગૃહસ્થોએ હરરોજ દાન કર્તવ્ય છે.

આ રીતે દાનનો ઉપદેશ આપ્યો. ✻ ✻ ✻

---

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ)

અલ્પજ્ઞ દશામાં પૂર્ણાનંદનો અંશે સ્વાદ અને આનંદ આવવાથી—જે આનંદના સ્વાદ આગળ દુનિયાના વિષય ને ભોગ, ઈન્દ્ર ને ઈન્દ્રાણીના ભોગ સડેલાં કૂતરાં જેવા દેખાય—નિર્મળતા પ્રગટવા લાગે છે. અહા! દ્રવ્યસ્વભાવની મહિમા સમજવાથી તને બહારની મહિમા ઊડી જશે, તને બહારમાં મોટપ નહિ જણાય, બહારમાં કોઈ અધિક છે એમ નહિ ભાસે; કેમ કે અંદર દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ આવવાથી તને તારું અધિકપણું આવ્યું છે ને? 'णाणसहावाधियं मुणदि आदं' ત્યાં 'અધિક' શબ્દે જુદાપણું છે. રાગથી અને અપૂર્ણ પર્યાયથી જુદાપણું તને ભાસશે.—એવો, અંદર સ્વભાવથી ભરચક એવા ભગવાન આત્માનો વિશ્વાસ લાવવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.

(ક્રમશઃ)

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫. –શ્રી સમયસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

**૧૭. સર્વદર્શિત્વ** : આત્મામાં સર્વદર્શિત્વશક્તિ છે, તેના વિના જ્ઞાનને કોણ દેખત? અભેદપણે કોણ દેખત? જાણવું–દેખવું પરને લીધે નથી પણ પોતાને લીધે છે. આત્મા વસ્તુ છે, તે જાણ્યા-દેખ્યા વિના રહે નહિ. અલ્પજ્ઞતા રહેલ છે તે પોતાના પ્રમાદથી છે પણ પોતામાં સર્વજ્ઞત્વ ને સર્વદર્શિત્વ શક્તિ ભરેલી છે. સહસ્રપૂટી અબરખમાં એવી તાકાત છે માટે તે પ્રગટ થાય છે. તે શક્તિ અનાદિથી છે, તે અગ્નિની આંચને ઝીલે તેવી છે. તેમ ભગવાન આત્માને એકાગ્રતાના અમુક કાળ આંચ આપે તો સર્વદર્શિત્વ ને સર્વજ્ઞત્વશક્તિ પ્રગટ થાય ને સંસારરૂપી ક્ષયનો નાશ થાય. રાગમાં એકાગ્રતાથી સંસાર છે તે ચિદ્રુપસ્વભાવમાં એકાગ્ર થાય તો આ શક્તિ પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય કર્મ ટળે તો સર્વજ્ઞપણું પ્રગટે ને દર્શનાવરણીય કર્મ ટળે તો સર્વદર્શીપણું પ્રગટે—એમ નથી. પોતાના નિત્ય પૂર્ણ સ્વભાવ તરફ જોવાનું છે. અજ્ઞાની જીવો લીંડીપીપરની શક્તિનો ને અબરખની શક્તિનો વિશ્વાસ કરે છે પણ પોતાના ધ્રુવસ્વભાવનો વિશ્વાસ કરતા નથી. દરેક આત્મામાં ત્રિકાળ આવી શક્તિઓ ભરેલી છે. પ્રતીતિ, જ્ઞાન અને ચારિત્ર દ્વારા તે પ્રગટ થાય છે.

**૧૮. ચારિત્રગુણ** : સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર. આત્મામાં અકષાયરસ ત્રિકાળ છે, તે ચારિત્રગુણ ન હોય તો દર્શન-જ્ઞાન સ્થિર રહી શકત નહીં. દર્શન તથા જ્ઞાનની અવસ્થા સ્થિર રહેલ છે, માટે ચારિત્રગુણ છે. રાગથી ચારિત્ર આવતું નથી. આત્માના અવલંબને ચારિત્રદશા પ્રગટે છે. પ્રત્યેક ગુણને પોતાનું ચારિત્ર હોય છે.

**૧૯. પરિણામીપણું** : આત્મામાં બદલવાનો ગુણ છે. જો આત્મામાં તે ગુણ ન હોય તો ચૈતન્યનો આનંદ આવે નહિ, એકલા ધ્રુવમાં આનંદનો અનુભવ હોય નહિ. ભગવાન આત્માનો ચેતનાસ્વભાવ પલટે તો જ્ઞાનનો વિલાસ કરે. લોટ પલટતો ન હોત તો રોટલી વગેરે ન થાય, જડમાં પરિણમન ન હોય તો સ્વાદનો પલટો ન થાત, તેમ

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬. –શ્રી સમયસાર**

આત્મામાં પરિણમન ન હોય તો જ્ઞાનનો આનંદ ન આવત, માટે આત્મામાં પરિણામીપણું છે.

**૨૦. અકારણકાર્યત્વ** : જીવ પરનું કારણ નથી, તેમ જ પરનું કાર્ય નથી. જો આત્મામાં પરને કરવારૂપ શક્તિ હોત અથવા પરથી પોતાનામાં કાર્ય થાત તો નિજકાર્યનો અભાવ થાત. સ્વતંત્ર આત્મા પરના કારણ વિનાનો છે, પરના કાર્ય વિનાનો છે. લક્ષ્મીની અવસ્થાનું કારણ આત્મા નથી, કર્મનું કારણ આત્મા નથી, તેમ જ કર્મના કારણે આત્મામાં કાર્ય થતું નથી. પરનું કાર્ય કરવા જાય તો પોતાનું કાર્ય ન થાય. પરનું હું કારણ નથી તેમ જ પર મારામાં કાંઈ કાર્ય કરતાં નથી, એવો અનાદિથી આત્માનો સ્વભાવ છે. પરનું કાર્ય કરે એવું કારણ આત્મામાં નથી ને પર આત્મામાં કાર્ય કરે એવો આત્માનો સ્વભાવ નથી. શરીરને ચલાવવાના કારણરૂપ આત્મા હોય તો પોતાનું કાર્ય થાય નહિ. માટે આત્મામાં અકારણકાર્યત્વશક્તિ છે. પરમાં આત્માનો અધિકાર નથી. જડનું કાર્ય તેનાથી બને છે તેમાં આત્મા કારણ નથી. પર વસ્તુ આત્માનું કામ કરી આપે તો જીવ નમાલો ઠરે—ગુણ વિનાનો ઠરે, પણ આત્મા નિત્ય પોતાના કારણકાર્યથી પરિપૂર્ણ છે જ, આત્મામાં અકારણકાર્યત્વગુણ ન હોય તો પોતાની પર્યાયમાં કાર્ય વિનાનો થઈ જાય.

**૨૧. અસંકુચિતવિકાસત્વ ગુણ** : આ શક્તિ વિના ચેતનનો વિલાસ સંકોચમાં આવત. આત્મામાં કદી પણ સંકોચ થતો નથી. અનાદિકાળથી ઘણો વિકાર કર્યો છતાં શક્તિ તો એવી ને એવી પડી છે, તેની શ્રદ્ધા કરે તો વિકાસ પામે. ચિદાનંદ આત્મામાં અનંતા ગુણોનો સંકોચ નથી. ક્ષેત્રથી સંકોચ નથી. એક પ્રદેશ ઘટતો નથી, એક ગુણ ઘટતો નથી. નિગોદમાં હોય કે સિદ્ધમાં હોય, છતાં અસંકુચિત્વગુણને લીધે સ્વભાવ સંકોચ પામતો નથી.

**૨૨. ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ** : આત્મામાં પરનો ત્યાગ સદાય છે. પરનું ગ્રહવું કે છોડવું આત્મામાં ત્રણકાળમાં નથી. આત્મા કર્મને ગ્રહે કે છોડે એવો સ્વભાવ હોય તો કદી સંસાર તૂટે નહિ. તથા ત્રિકાળી સ્વભાવ ખરેખર રાગ-દ્વેષને પણ ગ્રહતો નથી તેમજ છોડતો નથી. પર્યાયમાં વ્યવહારથી રાગ-દ્વેષનાં ગ્રહણ-ત્યાગ છે, પણ ત્રિકાળી સ્વભાવમાં તે નથી. સ્વભાવમાં એકાગ્ર થતાં રાગનો ત્યાગ થયો એમ કહેવું તે

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭. –શ્રી સમયસાર**


ઉપચારમાત્ર છે. જે જેનું હોય તે છૂટે નહિ. જો રાગ ખરેખર જીવનો હોય તો રાગ કદી છૂટે નહિ. વર્તમાન એક સમયની અવસ્થામાં રાગ-દ્વેષ થાય છે ને છૂટા છે. રાગાદિને જીવના કહેવા તે કથન વ્યવહારથી છે. જ્યારે રાગ-દ્વેષનાં ગ્રહણ-ત્યાગ સ્વભાવમાં નથી તો પછી પરપદાર્થનાં ગ્રહણ-ત્યાગ કેમ હોય? ન જ હોય. કેટલાક લોકો જૈનધર્મને ત્યાગપ્રધાન કહે છે, તે વાત સાચી નથી. મમત્વનો તથા રાગ-દ્વેષનો ત્યાગ પણ નામમાત્ર છે. આત્માના શુદ્ધસ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એ જૈનધર્મ છે, તેથી તે સ્વભાવપ્રધાન છે.

જે જીવ નિમિત્તમાં ને વિકારમાં સર્વસ્વ માને તેને સ્વભાવબુદ્ધિ કદી થાય નહિ. વળી પરપદાર્થને દૂર કરી શકું છું એમ માનવું તે ભૂલ છે. પર પદાર્થ તો તેના કારણે છૂટે છે પણ તે છૂટે માટે વીતરાગતા વધે એમ પણ નથી. પોતાના સ્વભાવના આશ્રયે વીતરાગતા વધે છે.—એમ સ્વતંત્ર વાત સમજવી જોઈએ.

**૨૩. અકર્તૃત્વગુણ** : આત્મા વિકારનો ખરેખર કર્તા હોય તો આત્મા અને વિકાર તન્મય થઈ જાય ને તો વિકારી પરિણમન ટળત નહી. આત્મા પરનો તેમજ વિકારનો અકર્તા છે. અકર્તૃત્વ વિના કર્મનો કર્તા હોત—એમ બતાવી અકર્તૃત્વગુણ સાબિત કરેલ છે.

**૨૪. અભોક્તૃત્વગુણ** : આત્મામાં અભોક્તાસ્વભાવ છે. જો તે ન હોય તો સદાય પુણ્ય-પાપને ભોગવત ને કદી આનંદને ભોગવત નહિ. આત્મા જડને કદી ભોગવતો નથી. અજ્ઞાની શરીરનું સૌંદર્ય જોઈ તેને ભોગવવાની કલ્પના કરે છે. આત્મા અરૂપી છે, જડપદાર્થો રૂપી છે. બંને વચ્ચે અત્યંત અભાવ છે, માટે જડને આત્મા કદી ભોગવતો નથી. પરચીજો જ્ઞાનમાં નિમિત્ત છે, જ્ઞાનના વિષયો છે. માટે જ્ઞાનના નિમિત્તને પણ જ્ઞાન કહે છે. આખું જગત જ્ઞાન છે, એકમેક છે માટે નહિ પણ જ્ઞાનમાં વિષય છે માટે કહ્યું. આ ચોપડી, આ જીવ વગેરે જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન પોતાનું છે. પોતાનું છે, પોતાને જાણે છે પણ પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત છે, તેથી પરને જ્ઞાન કહી દીધું છે. ખરેખર પર કાંઈ જ્ઞાન નથી, પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. (ક્રમશઃ)

ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮. –શ્રી સમયસાર



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૩૦

**જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં–પાંદડાં–ફળ વગેરે આવશે', પછી તેનો વિચાર આવતો નથી; તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. ૩૦.**

પ્રશ્નઃ—પુરુષાર્થ એ ક્યા ગુણની પર્યાય છે?

ઉત્તરઃ—પુરુષાર્થ વીર્યગુણની પર્યાય છે. અહા! કઈ પર્યાયમાં પુરુષાર્થ નથી? ઊંધી પર્યાયમાં પણ પુરુષાર્થ તો છે, પણ ઊંધો; એમ આ સ્વભાવ-સન્મુખની, અંદર સમજણપૂર્વક વિશ્વાસની, પર્યાયમાં અનંતો સવળો પુરુષાર્થ છે. અનંતી અનંતી શક્તિઓના સાગરનો વિશ્વાસ—અતીન્દ્રિય જ્ઞાન ને આનંદના સાગરનો, અતીન્દ્રિય પ્રભુતા ને સ્વચ્છતાના સ્વામીનો ભરોસો—આવતાં પુરુષાર્થપૂર્વક નિર્મળ દશા પ્રગટે છે. શુભરાગથી આ વિશ્વાસ આવે એમ નથી. માર્ગ તો આવો છે. એને એવો નબળાઈમાં—પુરુષાર્થ-હીનતામાં ગોઠવી દીધો છે! કલંક છે એ તો. શુભભાવથી—રાગથી આત્માની નિર્મળ વીતરાગ પર્યાય પ્રગટ થાય એ માન્યતા તો કલંક છે.

**"દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય,"...**

દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી; દેખાય શી રીતે? જેમ પેલું બીજ વાવ્યું ત્યાં પ્રગટ કાંઈ ડાળાં-પાંદડાં દેખાતાં નથી. પણ વિશ્વાસ છે કે આમાંથી થશે જ; તેમ ભગવાન આત્મા વસ્તુ છે, દ્રવ્ય છે, પદાર્થ છે, 'અસ્તિ' છે, અનાદિઅનંત નિત્ય ધ્રુવ ધાતુ છે; તે ચૈતન્યધાતુરૂપ દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટ થશે? થશે શું? પર્યાય ક્યાંથી આવશે?' એમ થાય, કેમ કે વિશ્વાસ તો છે નહિ કે આમાં બધું છે. ખબર નથી કે અતીન્દ્રિય જ્ઞાન ને સુખ પ્રગટે એવું મારું બધું મારામાં

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯. –શ્રી સમયસાર**

છે; રાગમાં, પુણ્યમાં—દયા-દાનમાં, નિમિત્તમાં મારું કાંઈ નથી, તેના વડે આત્માની પ્રાપ્તિ કાંઈ નહિ થાય.

અહા! બીજમાં વિશ્વાસ છે કે, તેમાંથી ઝાડ—ડાળાં, પાંદડાં, ફૂલ, ફળ—થશે, એમ અહીં અંદર આત્મદ્રવ્યનો વિશ્વાસ નથી! તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય—

'પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.'

દેવ-શાસ્ત્ર-ગુરુનો વિશ્વાસ તો એક કોર બાજુએ રહી ગયો; પુણ્ય ને પાપના પરિણામનો પણ વિશ્વાસ નહિ—એ ભિન્ન રહી ગયા; પણ એક સમયની પર્યાય પ્રત્યે જે લક્ષ તેનોય વિશ્વાસ નહિ. વિશ્વાસ જોઈએ ત્રિકાળીનો.

પ્રશ્નઃ—'ત્રિકાળિક' તો અમે કદી સાંભળ્યુંય નહોતું!

ઉત્તરઃ—ખરી વાત, નહોતું સાંભળ્યું. આત્મા વસ્તુ છે તે ક્યાં છે, કેવી છે, તેનું ત્રિકાળિક સ્વરૂપ કેવું છે—તેનું સાચું સ્વરૂપ સત્સમાગમે કોઈ દી સાંભળ્યું નથી. આમ તો વાતો કરે કે–આત્મા અવિનાશી છે, પણ તેનું સાચું ત્રિકાળી સ્વરૂપ શું છે એ કદી વિશ્વાસમાં લીધું નથી. બહારમાં માથાકૂટ કરી મરી ગયો, અરે! સામાયિક કરી, પોસા કર્યા, પડિકમણાં કર્યાં. શું કર્યું એમાં? એ તો રાગની ક્રિયા છે, ને ત્યાં દેહની ક્રિયા તો જડ છે; તે બન્નેથી આત્માની નિર્મળતા ન પ્રગટે.

સમયસારના નિર્જરા-અધિકારમાં તો એમ કહ્યું છે : કોઈ જીવો તો અતિ દુષ્કર અને મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો વડે સ્વયમેવ (જિનાજ્ઞા વિના) ક્લેશ પામે તો પામો અને બીજા કોઈ જીવો મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી તૂટી મરતા થકા ક્લેશ પામે તો પામો; એ શુભ ક્રિયાનો ક્લેશ કરે તો કરો, એમાં આત્મા હાથ નહિ આવે.

સર્વજ્ઞદેવપ્રણીત આ વાણી છે; નિકટવર્તી ગણધરોએ સાક્ષાત્ સાંભળેલી તે આ વાણી છે. આવી વાત ક્યાં છે બીજે, બાપુ! અહીં તો કહે છે કે દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટ થશે. બીજનો વિશ્વાસ કરવાથી ડાળાં, પાંદડાં ને ફળ થશે જ; એમ ભગવાન આત્મામાં, અલ્પજ્ઞ પર્યાયમાં હોવા છતાં પૂર્ણનો વિશ્વાસ આવવાથી,

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦. –શ્રી સમયસાર**

# ભેદવિજ્ઞાનનો મહિમા

પ્રશ્ન :—આવા કપરા સંજોગો વખતે જો આત્માનું સમજવામાં રોકાય તો પછી આજીવિકા અને ધંધો કેમ ચલાવવો ?

ઉત્તર :—જેને આત્માની રુચિ નથી પણ સંયોગની રુચિ છે તેને જ આ પ્રશ્ન ઉઠે છે. આજીવિકા વગેરેનો સંયોગ તો પૂર્વના પુણ્યના કારણે મળે છે, તેમાં વર્તમાન પુરુષાર્થ ડહાપણ કાર્યકારી નથી. બહારનો સંયોગ-વિયોગ તો પૂર્વ પ્રારબ્ધ અનુસાર જેમ થવાનો હોય તેમ થયા જ કરે છે, તેમાં આત્મા કિંચિત્ ફેરફાર કરી શકતો નથી, પણ આત્માની સમજણમાં પૂર્વનાં પુણ્ય કામ ન આવે અને વર્તમાન પુણ્ય પણ કામ ન આવે, એ તો પુરુષાર્થ વડે અપૂર્વ અંતર—સંશોધનથી પ્રાપ્ત થાય છે, બાહ્ય—સંશોધનથી તે મળે તેમ નથી. હે જીવ ! જો તને આત્માની રુચિ હોય તો પહેલાં તું એ નક્કી કર કે હું પરથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છું. કોઈ પણ પરવસ્તુ મારી નથી, પરવસ્તુ મને સુખ—દુઃખ કરતી નથી, હું પરનું કાંઈ કરતો નથી.—આમ બધા પરની દૃષ્ટિ છોડીને સ્વને જો. પોતાની પર્યાયમાં રાગ હોય તે રાગને કારણે પરવસ્તુ મળતી નથી, તેમજ તે રાગ વડે આત્મા પણ મળતો નથી, માટે રાગ નિરર્થક છે; તે ચૈતન્યનું સ્વરૂપ નથી. આમ ભેદજ્ઞાન થતાં રાગ પ્રત્યેનો પુરુષાર્થ લૂલો થઈ જાય છે. ચૈતન્યસ્વરૂપ આત્માને પરની ક્રિયાથી જુદો જાણ્યા પછી હવે અંતરમાં રાગથી જુદો જાણીને તે રાગથી જુદો પાડવાની ક્રિયા કરવાનું રહ્યું. આ રીતે જ્ઞાનક્રિયા તે જ આત્માનું કર્તવ્ય છે. પરની ક્રિયા તો આત્મા કરી શકતો જ નથી. પણ પરથી જુદાપણાનું ભાન કરનાર આત્મા છે, અને પ્રજ્ઞાછીણી વડે જ આત્મા બંધથી ભિન્નપણે ઓળખાય છે. આ પ્રજ્ઞાછીણી જ મોક્ષનો ઉપાય છે તેથી તેને 'ભગવતી' એવું પવિત્ર વિશેષણ આચાર્યદેવે આપ્યું છે.

અનાદિથી જીવે શું કર્યું ? અને હવે શું કરવું ?

અનાદિથી આજ સુધી કોઈ પણ ક્ષણમાં કોઈ જીવે પરનું કાંઈ કર્યું જ નથી, માત્ર સ્વનું લક્ષ ચૂકીને પરની ચિંતા જ કરી છે. હે ભાઈ ! પરનો બોજો તારા ઉપર નથી. જેટલી તું તારા તત્ત્વની ભાવના છોડીને પર તત્ત્વની ચિંતા કરે તે ચિંતાનો બોજો તારા ઉપર છે, તે ચિંતાનું તને દુઃખ છે, પણ તારી તે ચિંતાને લીધે પરના કોઈ કાર્ય થતાં નથી

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧. —શ્રી સમયસાર**

અને તારું સ્વકાર્ય બગડે છે. માટે હે ભાઈ! અનાદિથી આજ સુધીની તારી પરસંબંધીની સર્વ ચિંતા ખોટી થઈ–નિષ્ફળ ગઈ.... માટે હવે પ્રજ્ઞા વડે ચિંતાથી ભિન્ન તારા ચૈતન્યસ્વરૂપને જાણીને તેમાં એકાગ્ર થા. પરની ચિંતા તે તારું સ્વરૂપ નથી. માટે નિશ્ચિંત થઈ નિજસ્વરૂપના ચિંતન વડે તારા સ્વકાર્યને સાધ.

તું પરવસ્તુને પોતાની માનીને તેની ચિંતા કરે તોપણ પરવસ્તુઓનું તો જે પરિણમન થવાનું છે તે જ થશે; અને તું પરવસ્તુને ભિન્ન જાણીને તેનું લક્ષ છોડી દે તોપણ તેઓ તો સ્વયં પરિણમ્યા જ કરશે. તારી ચિંતા હો કે ન હો તેની સાથે પરદ્રવ્યોના પરિણમનને કાંઈ સંબંધ નથી. માટે હે જીવ! તું પરની વ્યર્થ ચિંતા છોડીને સ્વમાં એકાગ્ર થા.

અનાદિથી આત્માએ પરનું કાંઈ કર્યું નથી, માત્ર પરની ચિંતા પોતાને ભૂલીને કરી છે. પણ હે આત્મા! શરૂઆતથી છેડા સુધીની તારી ચિંતા નિષ્ફળ ગઈ, માટે હવે તો સ્વરૂપની ભાવના કર. હવે શરીરાદિ પરવસ્તુની ચિન્તા છોડીને સ્વને જો; સ્વને ઓળખતાં પરની ચિન્તા છૂટી જશે અને આત્માની શાંતિ અનુભવાશે. તારે તારા ધર્મનો સંબંધ આત્મા સાથે રાખવો છે કે પર સાથે? આત્માના ધર્મનો સંબંધ કોની સાથે છે, તે અહીં સમજાવ્યું છે.

હું ગમે ત્યાં હોઉં પણ મારી પર્યાયનો સંબંધ મારા દ્રવ્ય સાથે છે, બહારના સંયોગ સાથે નથી. ગમે તે ક્ષેત્રે પણ આત્માનો ધર્મ તો આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે, શરીરમાંથી–સંયોગમાંથી ધર્મની ઉત્પત્તિ થતી નથી.–આવી સ્વાધીનતાની શ્રદ્ધા અને જ્ઞાન કરે તેને ક્યે ઠેકાણે આત્મા સાથે સંબંધ ન હોય? અને આવી શ્રદ્ધા-જ્ઞાન હોય તે ક્યા ઠેકાણે શરીરાદિનો સંબંધ માને? તેને કદી સ્વભાવનો સંબંધ તૂટે નહિ અને પરનો સંબંધ ક્યાંય માને નહિ. બસ, આ જ ધર્મ છે, ને એનાથી જ મુક્તિ છે.

એક સેકંડમાત્રનું ભેદજ્ઞાન અનંત ભવનો નાશ કરીને મુક્તિ પમાડે છે. તેથી તે ભેદજ્ઞાન નિરંતર ભાવવાયોગ્ય છે.

‘દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ’

---

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨. –શ્રી સમયસાર**

## ''દંસણમૂલો ધમ્મો'' ધર્મનું મૂળ સમ્યગ્દર્શન

'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'

મોક્ષમાર્ગ–પ્રતિપાદક આ સિદ્ધાંતસૂત્રમાં પહેલું સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પોતે ધર્મ છે, તેમજ તે ધર્મનું મૂળ છે.

રત્નત્રયધર્મ કે દશલક્ષણધર્મ, મુનિધર્મ કે શ્રાવકધર્મ એ બધા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. એના વિના એકેય ધર્મ હોતો નથી. જે જીવ સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરતો નથી, અને શુભભાવથી ધર્મ માનીને તેનું સેવન કરે છે તે જીવને તે શુભ વખતે જ મિથ્યાત્વનું પાપ ભેગુ બંધાય છે, એટલે કે તેને મુખ્યપણે તો અશુભબંધ જ થાય છે; અને જ્ઞાની જીવ એમ જાણે છે કે આ શુભનો અભાવ કરવાથી જ શુદ્ધતા થાય છે તેથી તેને કદાપિ શુભની રુચિ હોતી નથી એટલે તેઓ અલ્પકાળમાં શુભનો પણ અભાવ કરીને શુદ્ધભાવરૂપ થઈ જાય છે; તેમનો શુભબંધ પણ વિશિષ્ટ હોય છે.

મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્યની રુચિપૂર્વક શુભભાવ કરીને નવમી ગ્રૈવેયક સુધી ગયો છતાં ત્યાંથી પાછો નિગોદાદિમાં ગયો, કેમ કે મિથ્યાત્વીને શુભભાવની રુચિ છે તે સંસારનું મૂળ છે. સીધી રીતે અશુભમાં તો ધર્મ માને જ નહિ પરંતુ શુભમાં ધર્મ માનીને તેમાં તે અટકી જાય છે. જે પોતે અધર્મરૂપ છે એવો રાગભાવ તે વીતરાગધર્મને કઈ રીતે મદદ કરી શકે? ધર્મનું કારણ તો ધર્મરૂપ ભાવ હોય કે ધર્મનું કારણ અધર્મરૂપભાવ હોય? અધર્મભાવનો છેદ તે જ ધર્મભાવનું કારણ છે એટલે કે અશુભ તેમ જ શુભભાવનો છેદ તે જ ધર્મભાવનું કારણ છે. (—તેહ શુભાશુભ છેદતાં ઉપજે મોક્ષસ્વભાવ.)

શુભભાવ તે ધર્મનું પગથિયું નથી, પણ સમ્યક્ સમજણ તે જ ધર્મનું પગથિયું છે; કેવળજ્ઞાનદશા તે સંપૂર્ણ ધર્મ છે અને સમ્યક્ સમજણ તે અંશે ધર્મ (શ્રદ્ધારૂપી ધર્મ) છે,તે શ્રદ્ધારૂપી ધર્મ એ જ ધર્મનું પહેલું પગથિયું છે. આ રીતે ધર્મનું પગથિયું તે ધર્મરૂપ જ છે, અધર્મરૂપ એવો શુભભાવ તે કદાપિ ધર્મનું પગથિયું નથી. શ્રદ્ધાધર્મ પછી જ ચારિત્રધર્મ હોઈ શકે છે તેથી જ શ્રદ્ધારૂપી ધર્મ તે ધર્મનું પગથિયું છે.—ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે–'દંસણમૂલો ધમ્મો'–સમ્યગ્દર્શન જેનું મૂળ છે તે ધર્મ છે. એટલે ધર્મ માટે સમ્યગ્દર્શનનો ઉદ્યમ તે પ્રથમ કર્તવ્ય છે.

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩. –શ્રી સમયસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—રાગ-દ્વેષને જીવની પર્યાય કહી છે અને વળી તેને નિશ્ચયથી પુદ્ગલના પરિણામ કહ્યાં છે તો અમારે નક્કી શું કરવું?

ઉત્તર :—રાગ-દ્વેષ છે તો જીવના પરિણામ, પણ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી અને જીવનો સ્વભાવભાવ ન હોવાથી સ્વભાવની દૃષ્ટિ કરાવવા પુદ્ગલના લક્ષે થતાં હોવાથી રાગ-દ્વેષને પુદ્ગલના કહ્યાં છે. કેમ કે નિમિત્તને આધીન થઈને થતાં ભાવને નિમિત્તના—પુદ્ગલના ભાવ છે તેમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :—પ્રથમ ભૂમિકામાં જિજ્ઞાસુએ રાગ-દ્વેષના ભાવને પોતાના માનવા કે પુદ્ગલના ભાવ છે તેમ શ્રદ્ધા કરવી?

ઉત્તર :—જિજ્ઞાસુએ રાગાદિ ભાવો પોતામાં પોતાના અપરાધથી થાય છે તેમ જ્ઞાન કરીને, શ્રદ્ધામાં કાઢી નાખવા કે એ પરિણામ મારા સ્વભાવમાં નથી.

પ્રશ્ન :—રાગ આત્માનો છે કે પુદ્ગલકર્મનો?

ઉત્તર :—વસ્તુની સિદ્ધિ કરવી હોય ત્યારે રાગ વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે એટલે કે રાગ આત્માનો છે તેમ કહેવાય અને જ્યારે દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યની થઈ, સમ્યગ્દર્શન થયું ત્યારે નિર્મળ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે. સમ્યગ્દૃષ્ટિને જે રાગ છે તે વ્યાપ્ય અને કર્મ તેનું વ્યાપક છે એટલે કે સમ્યગ્દૃષ્ટિનો રાગ તે પુદ્ગલ કર્મનો કહેવાય. કેમ કે જ્ઞાની દૃષ્ટિથી રાગથી ભિન્ન પડી ગયો છે, તેથી તેના રાગમાં કર્મ વ્યાપે છે તેમ કહેવાય.

પ્રશ્ન :—જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્ગલનો માને તે બરાબર છે?

ઉત્તર :—જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી પુદ્ગલનો છે એમ માને.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪. –શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—પુરુષાર્થ શરૂઆતમાં ઉગ્ર થઈને પછી મંદ થઈ જાય છે, તો તેમાં એકસરખું ટકી રહે તે માટે શું કરવું ?

પૂજ્ય બહેનશ્રી :—શરૂઆતમાં બહુ ભાવના આવી જાય તેથી અથવા કોઈ વૈરાગ્યના પ્રસંગથી અંદર ભાવના આવી જતાં ઉગ્ર પુરુષાર્થ થઈ જાય છે. અહો ! આ તો કંઈક નવું જ છે, ગુરુદેવે ઉપદેશ આપ્યો તેમાં કંઈક નવી જ વાત કરી, ગુરુદેવે જુદો જ માર્ગ બતાવ્યો. આમ તેને આશ્ચર્ય લાગતાં કે વૈરાગ્ય થતાં પુરુષાર્થમાં ઉગ્રતા આવી જાય છે, પણ થોડા વખત પછી પાછો પુરુષાર્થ ઢીલો પડી જાય છે. કાયમ એકસરખી ભાવના કે વૈરાગ્ય ટકી શકે નહિ તેથી પુરુષાર્થ ઉગ્ર અને મંદ થઈ જાય એમ થયા કરે છે. પણ વારંવાર તેની ઉગ્રતા જો ધારાવાહી ચાલ્યા કરે તો સ્વાનુભૂતિ સુધી પહોંચી શકે છે. કોઈવાર મહિમા કે વૈરાગ્યના પ્રસંગમાં ઉગ્રતા થઈ જાય છે, વળી પાછો પુરુષાર્થ ઢીલો પડી જાય છે. કેમ કે અનાદિનો અભ્યાસ છે તેથી મંદતા તરફ ઢળી જાય છે. પણ વારંવાર તેની પાછળ પડે તો એકસરખું ટકી રહેવાનો પ્રસંગ બને.

આચાર્યદેવ મુનિને કહે છે કે તારા જીવનના દીક્ષાકાળ અને બીજા વૈરાગ્યના પ્રસંગોને યાદ કરજે. દીક્ષા લેતી વખતે મને કેવી જાતના ભાવ હતા તેને તથા ત્યાગ લીધો, મુનિપણું લીધું, ભાવલિંગી શ્રમણ થયો તે જીવનના સારા પ્રસંગને તું યાદ કરજે. તેમ જ તારી સાધનાને યાદ કરજે. તેવી રીતે જે ગુરુદેવે ઉપદેશ આપ્યો, કોઈ અપૂર્વ વાત કરી, તને તેની અપૂર્વતા લાગી ત્યારે કેવા ભાવ હતા તે બધા પ્રસંગોને યાદ કરજે. તારા પુરુષાર્થની ઉગ્રતા કરવા માટે તે બધું યાદ કરજે.

પ્રશ્ન :—જાણનાર છું એમ અસ્તિત્વ ખ્યાલમાં આવે છે, પણ પરિપૂર્ણ અસ્તિત્વ ખ્યાલમાં કેમ નથી આવતું ?

પૂજ્ય બહેનશ્રી :—જે અસ્તિત્વ હોય તે પૂરું હોય કે અધૂરું હોય ? જે દ્રવ્ય હોય તે ખામીવાળું હોય તો તે દ્રવ્ય કેમ કહેવાય ? જે સ્વતઃસિદ્ધ વસ્તુ છે તે ખામીવાળી હોય

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫. –શ્રી સમયસાર**

નહિ. અસ્તિત્વ પરિપૂર્ણ ન હોય અને અધૂરું હોય તો તે અસ્તિત્વ જ નથી. અસ્તિત્વ તો હંમેશાં પૂરું જ હોય.

પ્રશ્ન :—આત્માને જ્ઞાન-લક્ષણથી ઓળખવો તે બરાબર છે; પણ બહારથી જે જણાય છે તેનાથી આત્મા ઓળખી શકાતો નથી. તો અમારે શું કરવું ?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાન-લક્ષણથી લક્ષિત હું જ છું. આ દેખાય—જણાય માટે હું છું એમ નહિ, તે તો બધાં બાહ્ય લક્ષણ છે. હું સ્વયં પોતે જ્ઞાન-લક્ષણથી લક્ષિત છું એમ પોતે પોતાનું અસ્તિત્વ ઓળખે તો થાય. કરવાનું પોતાને છે. ઊંડી રુચિ, લગની લગાડીને અંદરથી આત્માને ઓળખે તો થાય. દેવ—શાસ્ત્ર—ગુરુની મહિમા, રુચિ તો છે, પરંતુ અંદરથી વધારે પુરુષાર્થ કરવો તે પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :—આકુળતા મંદ પડી જાય એટલે શાંતિ લાગે છે, શુભ-અશુભનો પલટો થયા જ કરે છે. તો આગળ વધવા શું કરવું ?

પૂજ્ય બહેનશ્રી :—અનાદિથી જીવને અભ્યાસ છે એટલે શુભ ને અશુભ ચાલ્યા કરે છે. અશુભ સ્હેજે છૂટી જાય અને શુભમાં પલટો ખાય તે પુણ્યબંધ છે. પણ હજી ત્રીજી ભૂમિકા રહી જાય છે, જે શુદ્ધ-ઉપયોગની ભૂમિકા છે. અશુભથી પલટો ખાતાં શુભભાવ આવે છે, પણ અંદર શ્રદ્ધા રાખે કે આ હું કરું છું તે તો શુભભાવ છે, હજી અંદરમાં કરવાનું બાકી છે. શુભ—અશુભ બંને વિકલ્પથી રહિત—વિકલ્પથી અતિક્રાન્તની—દશા હજી મારે પ્રગટ કરવાની બાકી છે. શાસ્ત્રમાં આવે છે ને ? કે તારાથી ન બની શકે તો શ્રદ્ધા તો બરાબર કરજે કે મારે હજી ઘણું કરવાનું બાકી છે. એમ માનીશ તો તને અંદરથી પુરુષાર્થ કરવાનો અવકાશ રહેશે; પણ શુભભાવ કરીને તું એમ માની લઈશ કે મેં ઘણું કર્યું તો આગળ જવાનો અવકાશ નહિ રહે. આ બધા વિકલ્પોથી પાર—આ બધાથી અતિક્રાન્ત—થઈને અંતરમાં જવાનું છે.

---

ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ શુદ્ધ ચૈતન્યની ભાવના છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય. વીતરાગદેવ અને ગુરુના વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધચૈતન્યભાવનારૂપ ઉપાદાન—ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે, તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત—ઔષધ કહેવામાં આવ્યાં છે. —પૂજ્ય બહેનશ્રી


## બાળ વિભાગ

## સિંહના બચ્ચાની વાર્તા

(તું પણ સિંહનો બચ્ચો છો)

એક સિંહનું બચ્ચું હતું, તે ભૂલું પડીને બકરાના ટોળામાં પેસી ગયું, ને પોતાને બકરું સમજીને બકરીની જેમ વર્તવા લાગ્યું.

બીજા એક અનુભવી સિંહે તેને દેખ્યું....ને તેને જગાડવા સિંહનાદ કર્યો. સિંહની ગર્જના સાંભળતાં જ બકરાં તો બધાય ભાગ્યાં, પણ સિંહનું બચ્ચું તો નિર્ભયપણે ત્યાં જ ઊભું રહ્યું, સિંહની બીક એને ન લાગી.



ત્યારે બીજા સિંહે તેની પાસે આવીને પ્રેમથી કહ્યું : અરે બચ્ચા! તું બેં–બેં કરનારું બકરું નથી, તું તો મહા પરાક્રમી સિંહ છો. દેખ મારો સિંહનાદ સાંભળીને બકરાં તો બધાય બીને ભાગ્યા, ને તને બીક કેમ ન લાગી?–કેમ કે તું તો સિંહ છો, મારી જાતનો જ છો.

વળી વિશેષ ખાતરી કરવા તું ચાલ મારી સાથે જો....આ સ્વચ્છ પાણીમાં દેખ! તારું મોઢું કોના જેવું છે? સિંહ જેવું છે કે બકરા જેવું?

હજી વિશેષ લક્ષણ બતાવવા સિંહે કહ્યું : તું એક અવાજ કર! અને જો....કે તારો અવાજ કોના જેવો છે?–સિંહ જેવો છે કે બકરા જેવો?

સિંહના બચ્ચાએ જ્યાં ત્રાડ પાડી ત્યાં તેને ખાતરી થઈ કે હું સિંહ છું. સ્વચ્છ પાણીમાં પોતાનું મોઢું જોતાં તેને સ્પષ્ટ દેખાણું કે હું સિંહ જ છું. ભૂલથી હું મારું સિંહપણું ભૂલી, મારી શક્તિને ભૂલી, મને બકરી જેવો માની રહ્યો હતો.

આ રીતે ચિહ્નથી તેનું અસલી સ્વરૂપ ઓળખાવીને સિંહે તેને કહ્યું : અરે

શાર્દૂલકા બચ્ચા! તું આ બકરીના ટોળામાં નથી શોભતો આવી જા...આ સિંહના ટોળામાં!




તેમ અહીં સિંહ જેવો એટલે સિદ્ધ ભગવાન જેવો જીવ, પોતાના પરમાત્મ–સ્વરૂપને ભૂલીને પોતાને બકરીના બચ્ચા જેવો દીન-હીન-રાગી પામર માનીને, ભવ-ભવમાં ભટકી રહ્યો છે, તેને જગાડવા ધર્મકેસરી સર્વજ્ઞ પરમાત્મા અને સંતો ચૈતન્યના સિંહનાદ વડે કહે છે કે અરે જીવ! તું અમારી જાતનો પરમાત્મા છો.

જેવા પરમાત્મા અમે છીએ તેવો જ તું છો. તું દેહવાળો–રાગી–નમાલો બકરી જેવો નથી, સિંહ જેવો છો.

નિર્મળ જ્ઞાનદર્પણમાં તું તારા સ્વલક્ષણને જો જોઈએ! તારી ચૈતન્યમુદ્રા અમારી સાથે મળતી આવે છે કે જડ સાથે? સ્વસંવેદનથી તને ખાતરી થશે કે તું અમારા જેવો પરમાત્મા છો.

વળી, હું સિદ્ધ....એમ સ્વસન્મુખ વીર્યના ઉલ્લાસથી શ્રદ્ધાનો સિંહનાદ કર.....તને તારું સિદ્ધપણું સ્પષ્ટ પ્રતીતમાં આવી જશે.

બેટા, તું સિંહનો બચ્ચો છે.....આ સંસારમાં પુદ્ગલના ટોળા વચ્ચે રહેવાનું તને શોભતું નથી. આવી જા....આ સિદ્ધોના ટોળામાં!

આ પ્રમાણે સર્વજ્ઞવાણીના સિંહનાદથી પોતાના સિદ્ધસ્વરૂપનું ભાન કરતાં જ મુમુક્ષુ જીવ આનંદિત થાય છે તેનું પરાક્રમ જાગી ઊઠે છે, ને મોક્ષને સાધીને તે અનંત સિદ્ધોના ટોળામાં ભળી જાય છે.

અહા, જુઓ તો ખરા.....આ વીતરાગી સંતોની વીરહાંક! આત્માનું પરમાત્મપણું બતાવીને તેઓએ પરમ ઉપકાર કર્યો છે.

## કહાન એક્સપ્રેસ સ્પેશ્યલ ટ્રેન દ્વારા શાશ્વત સિદ્ધિધામ શ્રી સમ્મેદશિખરજી આદિ તીર્થયાત્રા

તા. ૨૪-૧૦-૨૦૧૬ થી તા. ૬-૧૧-૨૦૧૬ દરમ્યાન યોજવામાં આવેલી શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી તીર્થયાત્રાનું શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાના સ્થળો શ્રી હસ્તિનાપુર, અયોધ્યા, બનારસ, શ્રી સમ્મેદશિખરજી, પાવાપુરી, રાજગૃહી તથા મહાવીરજી છે. યાત્રાના રૂા ૧૧૦૦૦/– વ્યક્તિ દીઠ રાખેલ છે. જેમાં સ્લીપર કોચમાં ટ્રેનની ટિકીટ, બસ દ્વારા યાત્રા, નિવાસ અને ભોજન વગેરે ખર્ચનો સમાવેશ થાય છે. **AC Three Tier** ટિકીટ રૂા. ૨૨૦૦૦/– રાખેલ છે. આ યાત્રાનું સંચાલન કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળ દ્વારા કરવામાં આવશે. આ યાત્રાની વિશેષ માહિતી માટે મહેશભાઈ શાહ, મલાડ (મો. ૦૯૦૨૯૦૨૮૬૬૧)નો સંપર્ક કરવો.

## ઈન્ટરનેટ ઉપર આત્મધર્મ

આપણા ટ્રસ્ટના **www.kanjiswami.org** ઉપર ગુજરાતી આત્મધર્મ જાન્યુઆરી ૧૯૮૧થી જૂન ૨૦૧૬ સુધીના મૂકવામાં આવે છે. હવેથી દર મહિનાની ૧ લી તારીખે આત્મધર્મ નેટ ઉપર મૂકવામાં આવશે. જે કોઈને પણ તેનો લાભ લેવો હોય તે લઈ શકે છે.

—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## પર્યુષણ પર્વ માટે પ્રવચનકાર

આ વર્ષે જે કોઈ મંડળોને પર્યુષણ પર્વ દરમ્યાન સોનગઢથી પ્રવચનકાર બોલાવવાની ઈચ્છા હોય તે તેમનાં પત્રો ૧૫-૮-૨૦૧૬ સુધી પ્રચારપ્રસાર કમિટી—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના, નામે મોકલાવે.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૩મી જન્મજયંતી (તા. ૧૬-૮-૨૦૧૬ થી તા. ૨૦-૮-૨૦૧૬)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૬-૮-૨૦૧૬, શનિવારથી તા. ૨૦-૮-૨૦૧૬, શનિવાર—પંદર દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહારગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

## ❀ મંગલ પત્રિકાલેખન વિધિ ❀

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૧૦૩મા જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૦-૭-૨૦૧૬ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે જિનમંદિરમાં સામુહિક પૂજન પછી સર્વે મુમુક્ષુઓ શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી નગીનભાઈ હરગોવિંદદાસ અજમેરાના નિવાસસ્થાને ગયા. ત્યાંથી વાજતે-ગાજતે અત્યંત ઉત્સાહપૂર્વક પત્રિકાને સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી નિમંત્રણ પત્રિકાનું વાંચન આયોજક શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ મલાડ વતી શ્રી નગીનભાઈ હરગોવિંદદાસ અજમેરાએ કર્યું ત્યારબાદ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ.

## સોળમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૨૦૧૬ રવિવારથી તા. ૩૦-૧૨-૨૦૧૬, શુક્રવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રીમતી કસ્તુરીબેન પોપટલાલ શાહ હસ્તે બ્ર. નિર્મળાબેન, બ્ર. લતાબેન તથા શ્રીમતી પ્રીતિબેન નવીનભાઈ શાહ, બોરીવલીના સૌજન્યથી સોળમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે તો દરેક મંડળોને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથા આ શિબિરનો લાભ લેવા અવશ્ય પધારે.

## કલ્યાણકારી વાણી ટેપમાં

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવશ્રીની શક્તિ કોઈ ગજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા! જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે એવી દૈવી તેમની વાણી હતી. આપણા ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

—પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પંચાસ્તિકાયસંગ્રહ) |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

✻ **રક્ષાબંધન પર્વ** :—શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૮-૮-૨૦૧૬, ગુરુવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

✻ **જ્ઞાનવૈભવ–પ્રકાશન વાર્ષિક દિવસ** :—'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૩૧-૮-૧૬ બુધવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ** :—ભાદરવા સુદ ૫, મંગળવાર તા. ૬-૯-૨૦૧૬ થી ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૧૫-૯-૨૦૧૬ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૧૩-૯-૨૦૧૬, મંગળવારથી તા. ૧૫-૯-૨૦૧૬, ગુરુવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ** :—ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૧૭-૯-૨૦૧૬ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

### આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

## (૩૮)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

**(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)**

(૧) છ દ્રવ્યોમાં સર્વવ્યાપક ................ દ્રવ્ય છે. (પુદ્‌ગલ, આકાશ, ધર્માસ્તિકાય)

(૨) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર .................... ના પ્રકાર છે. (પુરુષાર્થ, સંજ્ઞા, કષાય)

(૩) શુક્લધ્યાન ................. ને હોય છે. (મુનિ, શ્રાવક, અવિરત સમ્યગ્દષ્ટિ)

(૪) નેમિનાથ ભગવાનને વૈરાગ્ય ............... માં થયો હતો. (દ્વારકા, શૌરીપુર, જૂનાગઢ)

(૫) ગાય, ભેંસ એ ............... જીવનો પ્રકાર છે. (નભચર, જલચર, થલચર)

(૬) કોઈપણ ગતિમાં ................ જન્મતઃ સમ્યગ્દષ્ટિ હોઈ શકે નહીં. (સ્ત્રી, પુરુષ, નપુંસક)

(૭) જ્ઞાની જેટલા કર્મોની નિર્જરા ઉચ્છવાસ માત્ર સમયમાં કરે છે તેટલા કર્મોની નિર્જરા અજ્ઞાની ............... ભવમાં કરે છે. (એક, અસંખ્યાત, કરોડો)

(૮) જ્ઞેય અને જ્ઞાતારૂપ ................ દ્રવ્ય છે. (પુદ્‌ગલ, જીવ, કાળ)

(૯) ............... ગુણને ન માનવાથી દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા નાશ થવાનો પ્રસંગ આવે છે. (અગુરુલઘુ, પ્રદેશત્વ, અસ્તિત્વ)

(૧૦) લૌકાંતિક દેવ તીર્થંકરોના ................ કલ્યાણકમાં જાય છે. (જન્મ, તપ, મોક્ષ)

(૧૧) દ્રવ્યના પ્રદેશત્વ ગુણની પર્યાયને .................. પર્યાય કહે છે.(અર્થ, વ્યંજન, દ્રવ્ય)

(૧૨) નવ નો કષાય એ .................. છે. (દેશઘાતિ પ્રકૃતિ, સર્વઘાતિ પ્રકૃતિ, ઘાતિકર્મ)

(૧૩) ચૌદ ગુણસ્થાનમાં અંતિમ સાત ગુણસ્થાનમાં .............. ધ્યાન હોય છે. (ધર્મ, શુક્લ, રૌદ્ર)

(૧૪) સમ્યક્‌ત્વ સહિત મનુષ્ય, તિર્યંચ કે દેવમાં જન્મનારા જીવો ............... પર્યાયમાં જ હોય છે. (પુરુષ, સ્ત્રી, નપુંસક)

(૧૫) નવ અનુદિશ તથા પાંચ અનુત્તર વિમાનમાં બધા જ દેવો નિયમથી પૂર્વભવમાં ..................... હોય છે. (દ્રવ્યલિંગી મુનિ, ભાવલિંગી મુનિ, શ્રાવક)

(૧૬) સ્પર્શગુણની ................. પર્યાય છે. (આઠ, છ, પાંચ)

(૧૭) ................ માં સીતાજીની ગુફા તથા ચરણપાદુકા છે. (અયોધ્યા, તારંગા, માંગીતુંગી)

(૧૮) ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં વિદ્યમાન રહેવાવાળા દ્રવ્યના નિત્ય અંશને .................. કહે છે. (વ્યય, ધ્રૌવ્ય, ઉત્પાદ)

(૧૯) કર્મના ફળ, ઉદય, બંધ, નિર્જરા આદિ ભાવને ચિંતન કરવું એ ............... વિચય ધર્મધ્યાન છે. (સંસ્થાન, વિપાક, અપાય)

(૨૦) ................ માં કવલાહાર છે, પરંતુ નિહાર નથી. (ભોગભૂમિ, કર્મભૂમિ, અનાર્યક્ષેત્ર)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો જુલાઈ-૨૦૧૬ના ઉત્તરો

(૧) ક્ષાયિકભાવે

(૨) ઉદય અને પારિણામિક

(૩) ક્ષાયિક, ઉદય અને પારિણામિક

(૪) ક્ષાયિક અને પારિણામિક

(૫) પાંચે ભાવો સંભવી શકે

(૬) ઉદયભાવ

(૭) ઉપશમ, ક્ષાયિક અને સમ્યક્ સહિતનો ક્ષયોપશમ

(૮) પારિણામિકભાવ

(૯) એકથી માંડીને ચૌદ

(૧૦) ચારથી અગ્યાર

(૧૧) એકથી બાર

(૧૨) ચારથી ચૌદ

(૧૩) અસંખ્યાતા

(૧૪) અસંખ્યાતગુણા

(૧૫) અનંતગુણા

(૧૬) ક્ષયોપશમ સમકિતી અસંખ્યાતગુણા વધારે

(૧૭) ક્ષયોપશમભાવ

(૧૮) ક્ષાયિકભાવ

(૧૯) ઉદયભાવ તથા પારિણામિકભાવ

(૨૦) ક્ષયોપશમભાવ ઓછો થાય

## (૩૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) ઉદમ્બર ફળ ................ હોય છે. (૪, ૫, ૬)

(૨) પરિષહ .......... હોય છે. (૧૧, ૨૨, ૩૩)

(૩) સમયસારમાં ............ શક્તિઓનું વર્ણન છે. (૪૧, ૪૭, ૩૯)

(૪) બાળક કુંદકુંદે .......... વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. (૧૦, ૧૧, ૧૫)

(૫) સિદ્ધશીલા ........... ક્રમની ભૂમિ છે. (૧૧, ૮, ૫)

(૬) આદિનાથ ભગવાનના સમવસરણમાં ........ ગણધરોની સંખ્યા હતી. (૧૦૦, ૮૪, ૫૧)

(૭) સાતમા નરકના નારકીનું ઉત્કૃષ્ટ આયુ .......... સાગરનું હોય છે. (૩૩, ૨૧, ૧૧)

(૮) જ્ઞાનાવરણાદિક આઠ કર્મોની ........... પ્રકૃતિ હોય છે. (૧૨૦, ૧૪૦, ૧૪૮)

(૯) મારીચિના જીવે .......... પાખંડ મત ચલાવ્યા હતા. (૨૪૦, ૩૬૩, ૨૭૨)

(૧૦) પરિગ્રહના ............ ભેદ હોય છે. (૨૪, ૧૨, ૧૮)

(૧૧) ઉપાધ્યાયને .......... મૂળગુણ હોય છે. (૨૮, ૨૫, ૩૬)

(૧૨) આકાશના .............. ભેદ હોય છે. (૫, ૩, ૨)

(૧૩) પાપ ........... પ્રકારના હોય છે. (૬, ૫, ૭)

(૧૪) દર્શનના ............ ભેદ હોય છે. (૩, ૪, ૫)

(૧૫) ચારિત્રના .......... ભેદ હોય છે. (૪, ૩, ૫)

(૧૬) સમવસરણમાં .......... સભા હોય છે. (૧૮, ૧૪, ૧૨)

(૧૭) કાળ .............. હોય છે. (૩, ૪, ૫)

(૧૮) લોક ................ હોય છે. (૪, ૩, ૫)

(૧૯) ગતિ ......... હોય છે. (૩, ૪, ૫)

(૨૦) અજ્ઞાની જીવ ........... તત્ત્વોની ભૂલ કરતો હોય છે. (૬, ૭, ૫)

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન જુલાઈ–૨૦૧૬ના ઉત્તર

(૧) સામાન્ય
(૨) ૨૪
(૩) પ્રદેશ
(૪) ચૈત્યપ્રસાદ
(૫) ભાવાર્થ
(૬) મનઃપર્યય
(૭) ભાવાર્થ
(૮) દ્રવ્ય
(૯) પ્રત્યાખ્યાન
(૧૦) કારિત
(૧૧) ચાર
(૧૨) દેશનાલબ્ધિ
(૧૩) દ્રવ્યદ્રષ્ટિ
(૧૪) સુમતિનાથ ભગવાન
(૧૫) અતિથિસંવિભાગ
(૧૬) હરિત
(૧૭) મુદિત
(૧૮) સમંતભદ્ર
(૧૯) દશ
(૨૦) મૃષાનંદિ

**શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મલાડ-મુંબઈ દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૦૩મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૦૩મી જન્મજયંતી આ વર્ષે શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મલાડ-મુંબઈ દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૦૩મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૧૬-૮-૨૦૧૬, મંગળવારથી તા. ૨૦-૮-૨૦૧૬, શનિવાર—પાંચ દિવસ સુધી શ્રી તીન ચૌવીસી વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૬-૮-૧૬ થી ૨૦-૮-૧૬—પંદર દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૦-૭-૨૦૧૬, રવિવારના રોજ સોનગઢમાં સાનંદ સંપન્ન થઈ.)

નિમંત્રક :
શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ
મલાડ-મુંબઈના જય જિનેન્દ્ર

Posted at Songadh PO
Publish on 1-8-2016
Posted on 1-8-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સમ્યગ્દષ્ટિની ભાવના

સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હું મોહ-રાગ-દ્વેષ રહિત છું, એથી સમ્યગ્દષ્ટિને એમ હોતું નથી કે શુભ અને અશુભ બંને સરખા છે. માટે અશુભ ભલે આવે? સમ્યગ્દષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org